### ખેડા જિલ્લામાં છેલ્લા ત્રણ દિવસથી ૬૦૦થી વધુ કાર્યકરો કામકાજ છોડી વિરોધમાં જોડાયા

# નડિયાદમાં આંગણવાડી બહેનોના આક્રમક ધરણા: પગાર વધારો ન મળતા સૂત્રોચ્ચાર

**માંગણીઓ** નહીં સંતોષાય તો ગાંધીનગર કૂચની ચીમકી




(પ્રતિનિધિ) નડિયાદ તા.19

નડિયાદ સ્થિત ખેડા જિલ્લા પંચાયત કચેરી ખાતે ગુજરાત આંગણવાડી કર્મચારી સંગઠનના નેજા હેઠળ છેલ્લા ત્રણ દિવસથી 500થી વધુ આંગણવાડી કાર્યકર બહેનોએ પોતાની પડતર માંગણીઓ મુદ્દે આક્રમક વિરોધ પ્રદર્શન શરૂ કર્યું છે. ગુજરાત હાઈકોર્ટના સ્પષ્ટ આદેશ હોવા છતાં સરકાર દ્વારા પગાર વધારાનો અમલ ન કરવામાં આવતા બહેનોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

ખેડા જિલ્લા આંગણવાડી કર્મચારી સંગઠન મુજબ, છેલ્લા દોઢ વર્ષમાં પગારના મુદ્દે સરકાર સામે 27 જેટલી રેલીઓ અને 10 થી 12 વખત લેખિત આવેદનપત્રો આપવામાં આવ્યા છે, પરંતુ હજુ સુધી કોઈ સંતોષકારક ઉકેલ આવ્યો નથી. ધરણા પર બેઠેલી બહેનોએ જણાવ્યું હતું કે, વારંવારની રજૂઆતો છતાં સરકાર સંવેદનશીલતા દાખવતી નથી, જેને કારણે કાર્યકરો આર્થિક અને માનસિક મુશ્કેલીઓનો સામનો કરી રહ્યા છે. ઓનલાઈન કામગીરીના ભારણ સામે વિરોધ પગાર વધારાની સાથે સાથે બહેનોએ ઓનલાઈન ડેટા એન્ટ્રીના વધતા જતા ભારણને ઘટાડવાની અને કામના કલાકો નિશ્ચિત કરવાની પણ માંગ કરી છે. આ આંદોલનને કારણે જિલ્લામાં આંગણવાડીની રોજિંદી કામગીરી પર માઠી અસર પડી છે.

આ અંગે સંગઠને સરકારને કડક શબ્દોમાં ચેતવણી આપી છે કે જો ટૂંક સમયમાં આ પ્રશ્નોનું નિરાકરણ નહીં આવે તો આંદોલન વધુ ઉગ્ર બનાવવામાં આવશે. આગામી દિવસોમાં ખેડા જિલ્લાની બહેનો ગાંધીનગર ખાતે એકત્ર થઈ રાજ્ય કક્ષાનું આંદોલન કરશે અને જરૂર પડ્યે વિધાનસભાનો ઘેરાવ કરવાની રણનીતિ પણ તૈયાર કરવામાં આવી છે.

### આણંદના લાંભવેલની આરવ એન્ટરપ્રાઇઝમાં ભીષણ આગ





આણંદ શહેરના લાંભવેલ-રાવડાપુરા રોડ પર સિકોતર માતાના મંદિર પાસે આવેલી આરવ એન્ટરપ્રાઇઝના પીસીપી મટિરિયલમાં ગત બપોરે અચાનક આગ ફાટી નીકળી હતી. આ ઘટનાની જાણ થતા જ કરમસદ આણંદ ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસીસની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગઈ હતી. ફાયર ઓફિસરના માર્ગદર્શન હેઠળ ટીમે સતત ૨ કલાક સુધી પાણીનો મારો ચલાવી ભારે જહેમત બાદ આગ પર સંપૂર્ણ કાબૂ મેળવ્યો હતો.

# કપડવંજ સેન્ટ્રલ બેંક નમી ખાતામાં રકમ જમા કરી

(પ્રતિનિધિ) કપડવંજ તા.19

કપડવંજ ખાતે સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયાની શાખા દ્વારા ગ્રાહકની સબસિડીની રકમ લોન ખાતામાં જમા ન કરી, ખોટી રીતે હેરાનગતિ કરવાના મામલે રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયામાં થયેલી ફરિયાદના પગલે નમતું જોખી 78,000ની રકમ ગ્રાહકના લોન ખાતામાં જમા કરી છે.

કપડવંજના ગ્રાહક તૃપલ બાબુભાઈ પટેલે સેન્ટ્રલ બેંકમાંથી સોલર યોજના અંતર્ગત 1,57,000ની લોન લીધી હતી. સરકાર તરફથી મળેલી 78,000ની સહાયની રકમ તેમના બચત ખાતામાં જમા થઈ હતી. ગ્રાહકે લોન પરના વ્યાજનો બોજ ઓછો કરવા આ રકમ લોન ખાતામાં ટ્રાન્સફર કરવા વારંવાર મૌખિક રજૂઆત કરી હતી. જોકે, બ્રાન્ચ મેનેજર દ્વારા ગ્રાહકની રજૂઆતને અવગણીને આ રકમની ફિક્સ ડિપોઝિટ (FD) કરવા દબાણ કરવામાં આવતું હતું. એટલું જ નહીં, રકમ 'હોલ્ડ' કરી દેવાતા ગ્રાહક પોતાના જ પૈસા ઉપાડી શકતા નહોતા, જેના કારણે તેમને આર્થિક અને માનસિક ત્રાસ વેઠવો પડ્યો હતો.

આ મામલે ગ્રાહકે CCI જિલ્લા પ્રમુખ અનંત પટેલને લેખિત રજૂઆત કરતા, તેમણે RBI સમક્ષ સત્તાવાર ફરિયાદ નોંધાવી હતી. આ ફરિયાદમાં બેંકના ગેરવર્તન અને અનિયમિત ચાર્જ ઉપરાંત બિલ્ડિંગ યુઝ પરમિશન અને ફાયર NOC જેવા ગંભીર સલામતીના મુદ્દાઓ પણ ઉઠાવવામાં આવ્યા હતા. ફરિયાદ બાદ મામલો ઉચ્ચ સ્તરે પહોંચતા અંતે બેંકે ગ્રાહકની માંગ સ્વીકારી રકમ જમા કરી છે.

### લુણાવાડા અને સંતરામપુર સહિતના આશરે 620 ગામોની પ્રજા સાથે દ્રોહ કર્યો

# મહિસાગરમાં 'નળ સે જળ' કૌભાંડનો સૂત્રધાર એ.જી. રાજપરા પકડથી દૂર

**મહિસાગર** જિલ્લાના 620 ગામોની જનતા પાણી માટે વલખાં મારે છે અને સીઆઈડીને આરોપી મળતો નથી



(પ્રતિનિધિ) લુણાવાડા તા.19

સરકારની અત્યંત મહત્વકાંક્ષી 'નળ સે જળ' યોજનામાં મહીસાગર જિલ્લામાં આચરાયેલા રૂપિયા 123.22 કરોડના મહાકૌભાંડમાં તપાસ એજન્સીઓની કામગીરી સામે હવે ગંભીર સવાલો ઊભા થયા છે. વડોદરા ઝોન પોલીસ સ્ટેશનમાં એફ.આઈ.આર. નોંધાયાને 272 દિવસ વીતી જવા છતાં, કૌભાંડનો મુખ્ય સૂત્રધાર અને તત્કાલીન યુનિટ મેનેજર એ.જી. રાજપરા હજુ પણ પોલીસના હાથમાં આવ્યો નથી.

મહિસાગર જિલ્લામાં વર્ષ 2019થી 2023 દરમિયાન એ.જી. રાજપરા અને તેના મળતિયાઓએ ગુનાહિત કાવતરું રચીને લુણાવાડા અને સંતરામપુર સહિતના આશરે 620 ગામોની પ્રજા સાથે દ્રોહ કર્યો છે. પીવાના શુદ્ધ પાણીની પાઈપલાઈન, કુવા અને ટ્યુબવેલ માટે ફાળવવામાં આવેલા કરોડો રૂપિયાની ખુલ્લેઆમ ઉચાપત કરવામાં આવી છે. જમીન પર પૂરતી કામગીરી કર્યા વિના જ, રાજ્યસેવક તરીકેની ફરજ નેવે મૂકીને બોગસ દસ્તાવેજો અને ખોટા હિસાબો ઉભા કરી સરકારી તિજોરીને ચૂનો ચોપડવામાં આવ્યો છે.

આ ગંભીર આર્થિક છેતરપિંડી મામલે આરોપીઓ વિરુદ્ધ આઈ.પી.સી.ની વિવિધ કલમો તેમજ ભ્રષ્ટાચાર અટકાવવાના અધિનિયમ હેઠળ ગુનો નોંધાયો છે. આટલા સંગીન ગુનાઓ હોવા છતાં, મુખ્ય આરોપી ૨૭૦ દિવસથી ફરાર હોવો તે તંત્રની નિષ્ફળતા છતી કરે છે. માત્ર રાજપરા જ નહીં, પરંતુ આ કૌભાંડમાં સંડોવાયેલા અનેક મોટા કોન્ટ્રાક્ટરો પણ હાલ નાસતા ફરી રહ્યા છે. જ્યારે મહીસાગરની પ્રજા આજે પણ પાણી માટે વલખાં મારી રહી છે.

# ચારુસેટમાં આજે વાર્ષિક સન્માન સમારોહ યોજાશે

**ફેકલ્ટી ઓફ ટેક્નોલોજીના** તેજસ્વી વિદ્યાર્થીઓને તેમજ સ્ટાફ મેમ્બ એવોર્ડ આપી નવાજાશે

(પ્રતિનિધિ) આણંદ તા.19

ચારુસેટ યુનિવર્સિટી સંલગ્ન ફેકલ્ટી ઓફ ટેકનોલોજી એન્ડ એન્જિનિયરિંગ દ્વારા આગામી 20મી માર્ચના રોજ CMPICA ઓડિટોરિયમ ખાતે વાર્ષિક સન્માન સમારોહનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે.

આ સમારોહમાં ફેકલ્ટીની બે અગ્રણી સંસ્થાઓ, ચંદુભાઈ એસ. પટેલ ઈન્સ્ટીટ્યુટ ઓફ ટેકનોલોજી અને દેવાંગ પટેલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ એડવાન્સ ટેકનોલોજી એન્ડ રિસર્ચના વિદ્યાર્થીઓ અને સ્ટાફ મેમ્બર્સની વર્ષ દરમિયાનની નોંધપાત્ર સિદ્ધિઓ અને યોગદાનને બિરદાવવામાં આવશે.

ચારુસેટ યુનિવર્સિટીના પ્રોવોસ્ટ ડો. અતુલ પટેલ, રજીસ્ટ્રાર ડો. બિનીત પટેલ, ફેકલ્ટી ઓફ ટેકનોલોજી એન્ડ એન્જિનિયરિંગના ડીન ડો. વિજય ચૌધરી, CSPIT ના પ્રિન્સીપાલ ડો. તૃષિત ઉપાધ્યાય અને DEPSTAR ના પ્રિન્સિપાલ ડો. બંકિમ પટેલ ખાસ ઉપસ્થિત રહેશે. આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય વિદ્યાર્થીઓ અને સ્ટાફ મેમ્બર્સને શૈક્ષણિક, સંશોધન (રિસર્ચ), ઈનોવેશનમાં દાખવેલા શ્રેષ્ઠ પ્રદર્શન બદલ પ્રોત્સાહિત કરવાનો છે. આ સમારોહમાં વિવિધ કેટેગરીમાં ઉત્કૃષ્ટ દેખાવ કરનાર પ્રતિભાઓને એવોર્ડ અને પ્રમાણપત્રો એનાયત કરવામાં આવશે.

## આણંદ-ખેડા અને મહિસાગર જિલ્લાના સંસ્થા સમાચાર

### નડિયાદમાં 'મિલેટ મહોત્સવ' અંતર્ગત ખેડૂતો અને નાગરિકો માટે પ્રદર્શન આકર્ષણનું કેન્દ્ર બનશે

**નડિયાદ** | નડિયાદના ઇપકોવાળા હોલ ખાતે આગામી ૨૧ અને ૨૨ માર્ચના રોજ આંતરરાષ્ટ્રીય મિલેટ વર્ષના ઉપલક્ષમાં મિલેટ મહોત્સવનું સુંદર આયોજન કરવામાં આવ્યું છે. મ્યુનિસિપલ કમિશનર જી.એચ. સોલંકીના માર્ગદર્શન હેઠળ મળેલી બેઠકમાં સફાઈ, સુરક્ષા અને સ્ટોલ પ્રદર્શન જેવી વ્યવસ્થાઓ અંગે સંબંધિત વિભાગોને જરૂરી સૂચનાઓ આપવામાં આવી હતી. આ મહોત્સવમાં પ્રાકૃતિક ખેતી, મિલેટની ઉપયોગિતા અને સરકારી યોજનાઓ વિશે માહિતગાર કરતા પ્રગતિશીલ ખેડૂતોના વિવિધ સ્ટોલ્સ પ્રદર્શિત કરવામાં આવશે.



### ખેડા જિલ્લા પશુપાલન વિભાગ દ્વારા વિવિધ યોજનાની સમીક્ષા અને પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહન



**નડિયાદ** | ખેડા જિલ્લા પશુપાલન વિભાગની ટીમ દ્વારા ઘડિયા ઉપકેન્દ્રની મુલાકાત લઈ કામગીરીની સમીક્ષા કરી જરૂરી માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. નરસીંહપુર ગામે વિધવા બહેનો અને અનુસૂચિત જાતિના લાભાર્થીઓ માટેની કેટલ શેડ સહાય યોજનાની સ્થળ તપાસ કરી બાંધકામ વહેલી તકે પૂર્ણ કરવા સૂચના અપાઈ હતી. આ સાથે આબવેલ અને ઘડિયા ગામના ખેડૂતોની મુલાકાત લઈ રાજ્યપાલશ્રીના અભિગમ મુજબ પ્રાકૃતિક ખેતીના વ્યાપ માટે પ્રોત્સાહન અને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. સમગ્ર મુલાકાતમાં પશુપાલકોને યોજનાઓ અંગે માહિતી આપવામાં આવી હતી.

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩
ગતિવિધિ
આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને 'ગુજરાતમિત્ર' આણંદ પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.
આણંદ : SF-223 એક્વેરીયસ કોમ્પ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.
E-mail : gujmitraanand@gmail.com
મો. 99784 40509
નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.
E-mail : gujmitranadiad@gmail.com


### આણંદના વાસદની પ્રાથમિક શાળામાં ફાયર બ્રિગેડ દ્વારા અગ્નિશમન તાલીમ યોજાઈ



**આણંદ** | કરમસદ - આણંદ ફાયર બ્રિગેડ દ્વારા વાસદ પ્રાથમિક કુમાર શાળામાં ફાયર અવેરનેશ ટ્રેનિંગનું આયોજન કરવામાં આવ્યું હતું. ફાયર ઓફિસર ધર્મેશ ગોરની સૂચના હેઠળ ફાયર વિભાગની ટીમ દ્વારા શાળાના 110 વિદ્યાર્થીઓ અને 25 એનએસએસ સ્વયંસેવકોને આગ સામે રક્ષણ મેળવવાની વિસ્તૃત સમજૂતી આપવામાં આવી હતી. આ તાલીમ દરમિયાન અગ્નિશામક યંત્રોનો ઉપયોગ, શાળામાં ઉપલબ્ધ ફાયર સેફ્ટી સાધનોનું સંચાલન અને ફાયર બ્રિગેડની કાર્યપ્રણાલી વિશે પ્રત્યક્ષ નિર્દશન દ્વારા વિદ્યાર્થીઓને માહિતગાર કરાયા હતા.

### નડિયાદના હઠીપુરા પ્રાથમિક શાળામાં ધો. 5 ના વિદ્યાર્થીઓનો વિદાય સમારોહ યોજાયો

**નડિયાદ** | હઠીપુરા પ્રાથમિક શાળામાં ધોરણ 5 ના વિદ્યાર્થીઓ માટે વિદાય સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે વિદ્યાર્થીઓને ભવિષ્યના અભ્યાસ માટે આશીર્વાદ પાઠવી યાદગીરી રૂપે કેલ્ક્યુલેટર ભેટ આપવામાં આવ્યા હતા અને સૌએ સાથે મળી ઇડલી-સંભારની લિજ્જત માણી હતી. વિદ્યાર્થીઓએ પણ શાળા પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરતા સ્ટેન્ડ ફેન અર્પણ કર્યો હતો અને અંગૂઠાની છાપ તેમજ ફોટા દ્વારા પોતાના સંસ્મરણો કાયમી કર્યા હતા. આ કાર્યક્રમના અંતે હર્ષોલ્લાસ અને ભીની આંખો સાથે બાળકોને ઉચ્ચ શિક્ષણ અને ઉજ્જવળ ભવિષ્યની શુભેચ્છાઓ સાથે વિદાય આપવામાં આવી હતી.



### ખંભોળજ ચેહર માતાજીના મંદિરે દૂધરેજ વડવાળા મંદિરના લઘુ મહંત નાગરદાસ બાપુએ દર્શન કર્યા

**આણંદ** | દૂધરેજ વડવાળા મંદિરના નવનિયુક્ત લઘુ મહંત શ્રી નાગરદાસ બાપુએ ખંભોળજના સુપ્રસિદ્ધ ચેહર માતાજીના મંદિરે પધારી ભાવપૂર્વક દર્શન અને આરતી કર્યા હતા. આ પ્રસંગે માતાજીના ઉપાસક ભુવાજી શ્રી નાગજીભાઈ રબારી સહિત રબારી સમાજના અગ્રણીઓએ ઉપસ્થિત રહી બાપુના આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા. આ કાર્યક્રમમાં ખંભોળજ રબારી સમાજ, ભુવાજી જય રબારી, પ્રવિણભાઈ રાયકા અને ભાદરવાના ભુવાજી જગદીશભાઈ સહિતના મહાનુભાવો હાજર રહ્યા હતા. જગતગુરુ મહામંડલેશ્વર કનીરામ બાપુ દ્વારા લઘુ મહંત તરીકે નિમણૂંક પામ્યા બાદ નાગરદાસ બાપુની આ મુલાકાતથી શ્રદ્ધાળુઓમાં ભારે હર્ષ જોવા મળ્યો હતો.



### કપડવંજના રંગ અવધૂત દરબારમાં ગુરુ લીલામૃત સ્વાહાકાર મહોત્સવની ભવ્ય ઉજવણી

**કપડવંજ** | કપડવંજની આશીર્વાદ સોસાયટી સ્થિત રંગ અવધૂત દરબારમાં રંગબાળ જગદીશાનંદજીની નિશ્રામાં સાપ્તાહિક ગુરુ લીલામૃત સ્વાહાકાર યજ્ઞનું ભક્તિસભર આયોજન કરવામાં આવ્યું હતું . 'પરસ્પર દેવો ભવ'ના ઉમદા ઉદ્દેશ્ય સાથે યોજાયેલા આ અનુષ્ઠાનના ૨૨મા વર્ષમાં પ્રવેશ નિમિત્તે દરરોજ રાત્રે ભજન સત્સંગના કાર્યક્રમોમાં ભક્તો ઉમટી પડ્યા હતા. એક સપ્તાહ સુધી ચાલેલા આ મહોત્સવમાં ભાવિકોએ ગુરુ ભક્તિના અમૃત પ્રવાહમાં તરબોળ થઈને આધ્યાત્મિક મસ્તીનો સાક્ષાત્કાર કર્યો હતો. સ્નેહ અને સમર્પણ યુક્ત આ યજ્ઞમાં મોટી સંખ્યામાં ભક્તોએ જોડાઈને ધન્યતા અનુભવી હતી.



### કપડવંજમાં 24.40 કરોડના ખર્ચે કલાજી-મોટીઝેર માર્ગનું ખાતમુહૂર્ત કરાયું

**કપડવંજ** | સાંસદ દેવુસિંહ ચૌહાણ અને ધારાસભ્ય રાજેશ ઝાલાના હસ્તે કપડવંજ તાલુકાના કલાજી-વ્યાસવાસણા-મોટીઝેર માર્ગના ▯ 24.40 કરોડના ખર્ચે થનારા વિકાસકાર્યનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આ પ્રોજેક્ટ અંતર્ગત 12.5 કિલોમીટર ડામર રોડ અને 3.5 કિલોમીટર આરસીસી રોડની કામગીરી સાથે રસ્તાનું મજબૂતીકરણ, નાળા અને બોક્ષ કલવર્ટ બનાવવાનું આયોજન હાથ ધરાયું છે. આ નવો માર્ગ બનવાથી કલાજી, હીરાપુરા, વ્યાસવાસણા અને મોટીઝેર સહિતના અનેક ગામોના રહીશોને પરિવહનમાં સુવિધા મળશે અને ચોમાસામાં પડતી તકલીફોનો કાયમી અંત આવશે.



### સીવીએમ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓએ નેશનલ યુથ ફેસ્ટિવલમાં ગજવ્યું મેદાન



**આણંદ** | વલ્લભ વિદ્યાનગર સ્થિત સીવીએમ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓએ ચેન્નાઈ ખાતે યોજાયેલ 'AIU 39th નેશનલ યુથ ફેસ્ટિવલ'માં રાષ્ટ્રીય સ્તરે શ્રેષ્ઠ દેખાવ કરી અનેક પુરસ્કાર હાંસલ કર્યા છે. આ મહોત્સવમાં નીલકુમાર પટેલ અને આદિત્ય કાપડિયાએ વાદ-વિવાદ (Debate) સ્પર્ધામાં દ્વિતીય સ્થાન મેળવી યુનિવર્સિટીનું ગૌરવ વધાર્યું છે. આ સાથે નીલકુમારે મિમિક્રીમાં તૃતીય અને આદિત્ય કાપડિયાએ વકતૃત્વ સ્પર્ધામાં પણ તૃતીય સ્થાન પ્રાપ્ત કરી પોતાની પ્રતિભા પુરવાર કરી છે. વિદ્યાર્થીઓની આ સફળતામાં કલ્ચરલ હેડ ડો. સર્વેશ ત્રિવેદી અને અન્ય નિષ્ણાત માર્ગદર્શકોની તાલીમ તથા પ્રોત્સાહનનો મહત્વનો ફાળો રહ્યો છે.

### પેટલાદના પાળજનો 9 વર્ષીય હનીશ પરમાર શ્રીલંકામાં ભારતનું પ્રતિનિધિત્વ કરશે

**પેટલાદ** | પાળજ સ્થિત દ્રોણાલય ઇન્ટરનેશનલ ઈંગ્લીશ મીડીયમ સ્કૂલના ધોરણ-2 માં અભ્યાસ કરતા વિદ્યાર્થીએ નાની ઉંમરે મોટી સિદ્ધિ હાંસલ કરી સમગ્ર પંથકનું નામ રોશન કર્યું છે. આગામી 17 મે 2026 થી શ્રીલંકાના કોલંબો ખાતે આયોજિત 'સંયુક્ત ભારતીય ખેલ ફાઉન્ડેશન 2026' માં પાળજ ગામનો વિદ્યાર્થી હનીશ મહેશભાઈ પરમાર ભારત દેશનું પ્રતિનિધિત્વ કરવા જઈ રહ્યો છે. હનીશની સત્તાવાર રીતે 9 વર્ષથી ઓછી ઉંમરના એથ્લેટિક્સ વિભાગ માટે પસંદગી કરવામાં આવી છે.આ સિદ્ધિ બદલ સ્કૂલના મેનેજમેન્ટ, આચાર્ય, સ્ટાફ અને સાથી વિદ્યાર્થીઓએ અભિનંદન પાઠવ્યાં છે.




### કબિલપોરમાં એક જ રાતમાં 7 સ્થળે તાળા તૂટ્યા

નવસારીઃ નવસારીના કબિલપોર વિસ્તારમાં તસ્કરો જાણે બેફામ બની ગયા હોય તેમ એક જ રાતમાં સાત જેટલા બંધ મકાનો અને કોમ્પ્લેક્સને નિશાન બનાવતા આખું પંથક હચમચી ગયું છે. તસ્કરોની આ 'નાઈટ ઓપરેશન'એ સ્થાનિકોમાં સુરક્ષાને લઈને ભારે ચિંતા ઊભી કરી છે. વોર્ડ નંબર 5 હેઠળ આવતાં સાંઈ પ્લાઝા કોમ્પ્લેક્સ, પ્રિયા કોમ્પ્લેક્સ (બાલાજી કરિયાણાની સામે), ગજાનંદ સોસાયટી અને શપથ કોમ્પ્લેક્સ (કબિલપોર કચેરી સામે) સહિતના વિસ્તારોમાં તસ્કરોએ એક પછી એક તાળા તોડી નાખ્યા હતા. આ સમગ્ર ઘટનાક્રમ નજીકના CCTV કેમેરામાં કેદ થયો છે, જેમાં તસ્કરો નિર્ભય રીતે ફરી રહ્યા હોય તેવું સ્પષ્ટ દેખાઈ રહ્યું છે. જે પોલીસની હાજરી અને પેટ્રોલિંગ પર સવાલો ઉભા કરે છે. ચોંકાવનારી વાત એ છે કે સાત સ્થળોને નિશાન બનાવ્યા છતાં તસ્કરોને માત્ર અંદાજે 5000 જેટલી જ રોકડ રકમ મળી હતી. છતાં, તેમની કામ કરવાની રીત અને નિર્ભયતા લોકોના દિલમાં ડર ઊભો કરવા પૂરતી છે. સ્થાનિકો હવે ખુલ્લેઆમ કહી રહ્યા છે કે "જો એક જ રાતમાં સાત જગ્યાએ તાળા તૂટી શકે, તો સુરક્ષા ક્યાં છે?" આ ઘટનાએ નવસારી ગ્રામ્ય પોલીસ માટે સીધી ચેતવણી સમાન સ્થિતિ ઊભી કરી છે.

**જાહેર નિવિદા**

મોજે - વાડોલા તા. ખંભાત જી. આણંદ ગામે ગત નાણાંકીય વર્ષ તથા વર્ષ ૨૦૨૬-૨૭માં ગ્રામ પંચાયત વાડોલાએ કરવાના વિકાસના કામો માટે લેબરના ભાવ તથા વિકાસના તમામ કામો જેવા કે પીવાના પાણીની સુવિધાના કામો, સી.સી.રોડના કામો, બાંધકામના કામો, સેનિટેશનના કામો, બ્લોક પેવીંગના કામો, પંપીંગ મશીનરી તથા અન્ય કામો માટે જરૂરિયાત મુજબનો માલ સામાન ખરીદવા માટે માલ સામાન પૂરો પાડનાર, વિકાસ કામ કરનાર એજન્સીઓ પાસેથી ભાવપત્રક મંગાવવામાં આવે છે સદરહુ ભાવ પત્રકો નીચેના સરનામે તારીખ ૦૧/૦૪/૨૦૨૬ના રોજ બપોરે ૩:૦૦ કલાક સુધી રજી.એ.ડી/સ્પીડ પોસ્ટ થી મોકલવાના રહેશે નિયત સમય બાદ મળેલ ભાવ પત્રક સ્વીકારવામાં આવશે નહીં.

૧. કવરના મથાળે વિકાસ કામોના ભાવ પત્રક તેમ લખવાનું રહેશે.
૨. આ જાહેર નિવિદાથી મંજૂર થયેલ ભાવપત્રક ગત નાણાકીય વર્ષ અને વર્ષ ૨૦૨૬-૨૭ના મંજુર થયેલ વિકાસ કામો માટે માન્ય રહેશે.
૩. એજન્સીએ ભાવપત્રકો સાથે પાનકાર્ડ તથા જી.એસ.ટી. નંબર ધરાવતા હોય તેની ઝેરોક્ષ નકલ ફરજિયાત મોકલવાની રહેશે.
૪. એજન્સીના ભાવપત્રકો મંજુર થયા બાદ ગ્રામ પંચાયત વાડોલાને સંતોષકારક કામગીરી નહીં કરી આપવામાં આવે તો એજન્સી બદલવાના અબાધિત અધિકાર ગ્રામ પંચાયત, વાડોલાનો રહેશે.
૫. કોઈપણ ભાવ પત્રક મંજૂર કરવા કે નહીં તેનો અધિકાર ગ્રામ પંચાયત, વાડોલાનો રહેશે.

સહી: સરપંચ/તલાટી કમ મંત્રી, વડોલા ગ્રામ પંચાયત

સરનામું: વાડોલા ગ્રામ પંચાયત કચેરી, મું.વાડોલા, તા. ખંભાત, જી. આણંદ